**ભાદરવા સુદ ૧, ગુરુવાર તા. ૩૦-૮-૧૯૬૨**
**કાવ્ય-૧૫ થી ૨૦, પ્રવચન-૪**

આ એક વિષાપહાર સ્તોત્ર ભગવાનની સ્તુતિ છે. ધર્મ કરનાર જીવને, જેને ધર્મ કરવો છે એણે કોણે ધર્મ પ્રરૂપ્યો? અને સાચો જાણ્યો એવા દેવને ઓળખ્યા વિના એને ધર્મ થાય નહિ. અરિહંતદેવ કોણ છે? એના આત્માના લક્ષણો, દ્રવ્યના, ગુણના ને પર્યાયના જે લક્ષણો છે એ રીતે જીવના લક્ષણથી જો અરિહંતને ઓળખે એ આત્માને અંતર ઓળખ્યા વિના રહી શકે નહિ. એના સ્વરૂપને વાસ્તવિક અનંત કાળમાં એક સેકન્ડ પણ જાણ્યું નથી. શેઠી! અરિહંતનું આત્મલક્ષણનું શું સ્વરૂપ એ અત્યાર સુધી અનંત કાળમાં અજ્ઞાનીએ જાણ્યું નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- રોજ ભગવાનના દર્શન કરે છે.

ઉત્તર :- એ ભગવાનના દર્શન રાગના કરે છે. રાગ રાગ અને પર.

ભગવાન અરિહંત કોણ હતા? એ દિવ્ય શક્તિ એમને કેવી અંતરમાં હતી? અને એમણે પ્રગટ કરીને પૂર્ણતાની કેમ પ્રાપ્તિ કરી? અને એ પ્રાપ્તિ એમને એમ રહી એવા જીવના દ્રવ્ય-ગુણ-પર્યાયના લક્ષણ, અરિહંતના જાણે એને અંતરમાં સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? વાસ્તવિક અરિહંતના લક્ષણ એણે (જાણ્યા નથી). અનંત વાર નવમી ગ્રૈવેયકે જૈન દિગંબર સાધુ થઈને ગયો. 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ વીતરાગના આત્માને જે ઓળખે એને આત્માની ઓળખાણ (થાય કે) આવી જ જાત મારી છે. જેવા આત્મા એ પ્રગટરૂપે પરિણમ્યા, સોળ વલું સોનું શાસ્ત્રમાં દાખલો આપ્યો છે ને, સોળ વલું સોનું જે એમ ઉત્કૃષ્ટપણે જેની દશા પ્રગટી એવો જ મારો આત્મા છે, કારણ કે હું પણ દ્રવ્યે પૂર્ણ છું, ગુણે પૂર્ણ છું, પર્યાયમાં અલ્પજ્ઞતા છે પણ પર્યાયમાં પૂર્ણ કરવાની મારામાં તાકાત છે. એવી અરિહંતની પીછાણ અને એના લક્ષણની ઓળખાણ થયે એ આત્મા તરફ ઝુકીને, આત્મદેવને પ્રગટ કરે. એને આત્માની ભગવાનની, અરિહંતની સાચી ભક્તિ અને ઓળખાણ થઈ કહેવાય. આમ તો બધા નમો અરિહંતાણં... નમો અરિહંતાણં (બોલતા હોય). કાલે પૂછતા હતા ને એક જણા કે આટલા લાખ જપી નાખીએ નવકાર તો શું થાય? થાય રાગ. સમજાય છે કાંઈ? 'નવ લાખ જપંતા નરક નિવારે...' નથી આવતું? શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેટલી મહેનત કરી. રાગની ભૂમિકામાં એ પ્રયત્ન કર્યો. નવ લાખ શું અનંત કરોડ વાર જપ્યા નામ. નવમી ગ્રૈવેયકે અનંત વાર જૈન દિગંબર સાધુ થઈને ગયો. એક

એક એક ભવમાં આઠ વર્ષે દીક્ષા કરોડ પૂર્વ સુધી. એમાં એક એક દિવસના નવકાર સવાર-સાંજના ગણો તો એક ભવમાં અબજો નવકાર થાય. શું કહ્યું સમજાય છે કાંઈ? આઠ વર્ષે દીક્ષિત થયો તો કરોડ પૂર્વ સુધી. એક પૂર્વમાં સીત્તેર લાખ કરોડ વર્ષ. અને છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એમ હંમેશા પડિકમણું કરે અને સવારમાં ગણે તો નવકાર ત્યારે કેટલી વાર બોલે. એ પ્રમાણે આઠ વર્ષ ગુણા કરોડ પૂર્વ નવકાર એક ભવમાં ગણ્યા. જેનો આંકડો અબજો અબજો થાય છે. એવા અનંતા ભવ કર્યા. સમજાય છે કાંઈ? એવા અનંતા અબજો અબજો નવકાર અનંત વાર ગણ્યા. પણ નવકાર એકવાર સાચો ગણ્યો નહિ. સમજાય છે કાંઈ? એ અરિહંતપદ, એ આત્મપદ, એની ૠદ્ધિ અને સંપદા કેવી છે? એને જાણે એને આત્માનું જ્ઞાન થાય. તો આ દેવની ઓળખાણ ૧૪માં આવી ગઈ.

હે નાથ! આ જગતમાં મણિ, ઔષધિ, કામધેનુ, કલ્પવૃક્ષ કે રસાયણ નામ સિદ્ધરસ. આ સિદ્ધરસ છે કે, આનાથી સોનું થાય, આનાથી આ ફલાણું થાય. એ બધા નામો પ્રભુ આપના છે. સમજાય છે કાંઈ? એ બધા પર્યાય નામ, અનેરા નામ, ભિન્ન ભિન્ન નામ, ભગવંત અરિહંત પદ એ આપના બધા નામ છે. નિશ્ચયથી જોઈએ તો ભગવાન ચૈતન્યધાતુના એ બધા નામ છે. સમજાય છે કાંઈ? ધ્રુવ ચિદાનંદ, અનાદિઅનંત, અનંત ગુણની ખાણ આત્મા આ એના બધા મણિ ને ઔષધ ને રતન ને રસાયણ ને કલ્પવૃક્ષ ને કામધેનુ ને કામકુંભ ને એ બધા કહેવાય છે એ આત્માને લાગુ પડે છે. એવી જેને ઓળખાણ આત્માના માહાત્મ્યની થઈ એને અલ્પ કાળમાં સંસારનો અભાવ થઈને મોક્ષ થાય. એ ચૌદમી ગાથામાં કહ્યું. એનું ઝેર ઉતરી ગયું ઓલા દીકરાનું. વ્યવહારથી. અંદરમાંથી ઝેર ઉતરી ગયું. સ્વરૂપની દૃષ્ટિ ને સ્વરૂપનું બહુમાન (થયું). આત્મ અવલોકન જેના અવલોકનની ભૂમિમાં એક એક પ્રદેશે અનંતા ગુણ, એક એક ગુણમાં અનંતી પર્યાય થવાની તાકાત, એવો ભગવાન એક સેકન્ડના અસંખ્ય સમયમાં આત્મ અવલોકનથી જોવે આ એને અનુભવ થઈને અલ્પ કાળમાં કેવળજ્ઞાન થાય. એ ૧૪મી ગાથામાં કહ્યું, સંસારનું ઝેર ઉતરી જાય.

---

## કાવ્ય-૧૫

चित्ते न किञ्चित्कृतवानसि त्वम्,<br>
देवः कृतश्चेतसि येन सर्वम्।<br>
हस्ते कृतं तेन जगद्विचित्रं,<br>
सुखेन जीवत्यपि चित्तबाह्यः।।१५।।

હે જિનેશ! તુમ અપને મન મેં, નહીં કિસી કો લાતે હો,
પર જિસ કિસી ભાગ્યશાલી કે, મન મેં તુમ આ જાતે હો.
વહ નિજ-કર મેં કર લેતા હૈ, સકલ જગત કો નિશ્ચય સે,
તબ મન સે બાહર રહકર ભી, અચરજ હૈ રહતા સુખ સે.

અન્વયાર્થ :— (देवः) હે દેવ! (त्वम्) આપ (चित्ते) અપને હૃદય મેં (किञ्चित्) કુછ ભી (न कृतवान् असि) ધારણ નહીં કરતે હૈં કિન્તુ (येन) જિસકે દ્વારા આપ (चेतसि) હૃદય મેં (कृतः) ધારણ કિયે હૈં, (तेन) ઉસકે દ્વારા (सर्वम्) સમસ્ત (जगत्) સંસાર (हस्ते कृतम्) હાથ મેં કર લિયા ગયા હૈ — અર્થાત્ ઉસને સબ કુછ પા લિયા હૈ. લેકિન યહ (विचित्रम्) આશ્ચર્ય કી બાત હૈ ઔર આપ (चित्तबाह्यः अपि) મન સે રહિત હોતે હુએ ભી (सुखेन जीवति) સુખ સે જીવિત હૈં, યહ આશ્ચર્ય હૈ.

ભાવાર્થ :— યહ બાત પ્રસિદ્ધ હૈ કિ યદિ કિસી કે શરીર પર પાંચ હજાર કે આભૂષણ હૈં તો વહ જિસ કુર્સી પર બૈઠેગા, ઉસ કુર્સી પર ભી પાંચ હજાર કે આભૂષણ કહલાતે હૈં. યદિ ઉસકે શરીર પર કુછ ભી નહીં હૈ તો કુર્સી પર ભી કુછ નહીં કહલાતા હૈ. લેકિન હે પ્રભુ! યહાં વિચિત્ર હી બાત હૈ ક્યોંકિ આપ કે ચિત્ત મેં તો કુછ ભી નહીં હૈ, પર જો મનુષ્ય આપ કો અપને ચિત્ત મેં વિરાજમાન કરતા હૈ, ઉસકે હાથ મેં સબ કુછ આ જાતા હૈ.

ઈસ વિરોધાભાસ કા પરિહાર યહ હૈ કિ યદ્યપિ આપ કે પાસ કિસી કો દેને કે લિયે કુછ ભી નહીં હૈ ઔર રાગભાવ ન હોને સે આપ મન મેં ભી ઐસા વિચાર નહીં કરતે કિ મૈં ઈસ મનુષ્ય કો યહ વસ્તુ દૂં. ફિર ભી ભક્ત જીવ અપની શુભ ભાવનાઓં સે શુભકર્મોં કા બંધ કર, ઉનકે ઉદયકાલ મેં સબ કુછ પા લેતે હૈં.

અથવા જો યથાર્થ મેં આપ કો અપને હૃદય મેં ધારણ કર લેતા હૈ, વહ આપ કે સમાન હી નિઃસ્પૃહ હો જાતા હૈ, ઉસકી સબ ઈચ્છાએં શાંત હો જાતી હૈં. વહ સોચતા હૈ કિ 'મુજે ઔર કુછ ભી નહીં ચાહિયે. મૈં આજ આપ કો અપને ચિત્ત મેં ધારણ કર સકા તો માનોં તીન લોકકી સંપત્તિ મેરે હાથ મેં આ ગયી.'

દૂસરા વિરોધાભાસ યહ હૈ કિ આપ ચિત્ત-ચેતન સે બાહ્ય હોકર ભી જીવિત રહતે હૈં. લોક મેં જો ચેતન સે રહિત હો જાતા હૈ, વહ મૃત કહલાને લગતા હૈ, લેકિન યહાં ઉસ સે વિરુદ્ધ બાત હૈ. ઈસ વિરોધાભાસ કા પરિહાર યહ હૈ કિ આપ ચિત્ત-બાહ્ય અર્થાત્ આપ મન સે ચિંતવન નહીં કરતે, ફિર ભી આપ અનંત સુખ સે હમેશા જીવિત રહતે હૈં, આપ અજર-અમર હૈં. તાત્પર્ય યહ હૈ

કિ આપ મેં અનંત સુખ હૈ તથા આપ ઈતને અધિક પ્રભાવશાલી હૈં કિ આપ કો મન કે માધ્યમ સે ચિંતવન નહીં કરના પડતા.

## કાવ્ય-૧૫ ઉપર પ્રવચન

૧૫મી.

चित्ते न किञ्चित्कृतवानसि त्वम्,
देवः कृतश्चेतसि येन सर्वम्।
हस्ते कृतं तेन जगद्विचित्रं,
सुखेन जीवत्यपि चित्तबाह्यः।।१५।।

**હે જિનેશ! તુમ અપને મન મેં, નહીં કિસી કો લાતે હો,**
**પર જિસ કિસી ભાગ્યશાલી કે, મન મેં તુમ આ જાતે હો.**
**વહ નિજ-કર મેં કર લેતા હૈ, સકલ જગત કો નિશ્ચય સે,**
**તબ મન સે બાહર રહકર ભી, અચરજ હૈ રહતા સુખ સે.**

વિરોધાભાસ કહે છે જુઓ!

‘**અન્વયાર્થ :- (હે દેવ!)**’ હે અરિહંત પરમાત્મા! હે સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ ગુણેશ્વર, હે ગુણના ઈશ્વર પરમાત્મા. ‘**આપ અપને હૃદય મેં કુછ ભી ધારણ નહીં કરતે હૈં.**’ પ્રભુ! આપના જ્ઞાનમાં કાંઈ પણ બીજું રાગ-દ્વેષ, સંસાર કાંઈ રાખતા નથી. ‘**કિંતુ જિસકે દ્વારા આપ હૃદય મેં ધારણ કિયે ગયે હૈં,...**’ પરંતુ જે ભક્તના ચિત્તમાં આપ વસી ગયા છો. અરિહંતપદ આવું છે એમ જેણે જ્ઞાનમાં વસાવ્યું છે આ. ‘**ઉસકે દ્વારા સમસ્ત સંસાર હાથ મેં કર લિયા ગયા હૈ-**’ એને આખું જગત ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થનું જ્ઞાન એને થઈ જાય છે. સમજાય છે? એને કરમાં કર લિયા—હાથમાં કરી લીધું.

આપ કાંઈ ચિત્તમાં કોઈને રાખતા નથી. પણ તમને જે કોઈ ચિત્તમાં અંદર રાખે... જુઓ! આ અરિહંત ભગવાન ત્રિલોકનાથની પર્યાયની પૂર્ણતા જેના અંતરમાં બેઠી, ભગવાન! એ હાથમાં ત્રણ કાળ ત્રણ લોક જગતની બધી વિચિત્રતા. એણે જ્ઞાનમાં લઈ લીધી. એને કાંઈ અપૂર્ણ જ્ઞાન રહે અને કેવળજ્ઞાન ન થાય એમ બને નહિ. એવા અરિહંતને જેણે અંતરમાંથી માન્યા અને જોયા ત્રણ કાળ ત્રણ લોક એણે જોયા. ‘એગં જાણહિ સવ્વ જાણહિ.’ એક અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને ચિત્તમાં બેસાર્યા, બધું ત્રણ કાળ ત્રણ લોક એણે જોયા. એને કાંઈ ખામી કે કમી છે નહિ. એક વાત.

‘**યહ આશ્ચર્ય કી બાત હૈ...**’ એ આશ્ચર્યની વાત છે. ‘**ઔર આપ મન સે રહિત**

**હોતે હુએ ભી...**' અરે..! ભગવાન! આપની એક વિચિત્રતા, આપ ચિત્ત બાહ્ય રહો છો, મનથી બાહ્ય રહો છો. આપ મનથી અચેત રહો છો. છતાં '**સુખ સે જીવિત હૈં,...**' સમજાય છે કાંઈ? આપ મનની બહાર રહો. ચેતનસ્થિત એટલે અહીં ચૈતન્ય સ્થિત લેવું છે. 'ચિત્તરૂપી ચેતન' જે નિમિત્ત છે જાણવામાં એનાથી બહાર રહો છો. છતાં સુખે કરીને અનંત જીવનને આનંદથી જીવી રહ્યા છો. સમજાણું કાંઈ? જુઓ! આ વિરોધ. વિરોધાભાસ કરીને ઝેર ઉતારવાની વાત કરે છે.

'**ભાવાર્થ :- યહ બાત પ્રસિદ્ધ હૈ કિ યદિ કિસી કે શરીર પર પાંચ હજાર કે આભૂષણ હૈં...**' દૃષ્ટાંત આપે છે. કોઈ મોહન નામનો માણસ હોય એના ઉપર પાંચ હજારના દાગીના હોય. દાગીના સમજો છો ને? જેવર. '**તો વહ જિસ કુર્સી પર બૈઠેગા, ઉસ કુર્સી પર ભી પાંચ હજાર કે આભૂષણ કહલાતે હૈં. યદિ ઉસકે શરીર પર કુછ ભી નહીં હૈ તો કુર્સી પર ભી કુછ નહીં કહલાતા હૈ.**' શરીર પર ખાલી હોય તો ખુરશી ઉપર બેઠો હોય તો ખાલી ખુરશી કહેવાશે.

'**લેકિન હે પ્રભુ! યહાં વિચિત્ર હી બાત હૈ...**' ભગવાન! તારામાં તો કોઈ વિચિત્ર વાત છે. '**આપકે ચિત્ત મેં તો કુછ ભી નહીં હૈ, પર જો મનુષ્ય આપકો અપને ચિત્ત મેં વિરાજમાન કરતા હૈ,...**' ઓહો..! સમજાય છે કાંઈ? આ લોકો એમ કહે છે ને ઘણા કે ભગવાને દીઠું એમ થાશે, આપણે શું કરી શકીએ? શેઠી! પણ ભગવાન જેના જ્ઞાનમાં બેઠા આ એને ભવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ત્રણ લોકના નાથ પરમાત્મા જેના જ્ઞાનમાં બેઠા એ ભક્તને ભવની ભીડું હોય નહિ. ભવ હોય નહિ, ભવ હોય નહિ, કોલ કરાર મારતો આવે કે કેવળજ્ઞાન અલ્પકાળમાં પામશે. એને અરિહંત ભગવાને ભાળ્યું હશે એમ થાશે. અરે..! સાંભળને. ભગવાનનું અસ્તિત્વ તેં માન્યું છે કે નહિ? ભગવાને ભાળ્યું હશે એમ થાશે એ વાત બરાબર છે. પણ પહેલું ભગવાન છે એમ માન્યું છે કે નહિ? સર્વજ્ઞની સત્તા જગતમાં બિરાજે છે એવી સત્તાને સ્વીકારી છે? એટલે સ્વીકાર એને કહેવાય કે એ અરિહંતને અંતરમાં માને ત્યારે અરિહંત છે એમ સ્વીકાર કહેવાય.

હે પ્રભુ! આપ જેના ચિત્તમાં બિરાજમાન છો આ '**ઉસકે હાથ મેં સબ કુછ આ જાતા હૈ.**' શેઠી! ત્રણ કાળ ત્રણ લોક એના જ્ઞાનમાં આવી ગયા. ઈન્દ્રાદિ બધા એના ચાકર થઈને રહેશે. એવો પ્રભુ આપ જેના કાળજામાં બેઠા એને શું બાકી (રહે)? સમજાણું કાંઈ? એકવાર તો સ્તુતિ કરતા ઓલું આવે છે ને એક? એકીભાવ સ્તોત્ર. વાદીરાજ મુનિ હતા એને શરીરમાં કોઢ હતો. કોઢ-કોઢ. એનો ભક્ત જે શ્રાવક હતો એનાથી એકવાર લોકે ચાડી કરી કે પ્રભુ! આ તો કોઢિયાનો શિષ્ય છે. કોઢિયાનો આ શિષ્ય છે અને આ રાજ્યમાં આવીને બધાને ચેપ લગાડે છે. ચેપ લગાડે છે ચેપ. રાજાએ કહ્યું કે અરે..! દેવાનુપ્રિયા! શું તમારા ગુરુને કોઢ છે? અન્નદાતા! મારા ગુરુ કોઢી નથી. હતા તો કોઢિયા હોં! અન્નદાતા!

મારા ગુરુ કોઢિયા નથી. એમ કહેવાઈ ગયું. કહેવાઈને ગુરુ પાસે ગયા, પ્રભુ! આજ વાત આમ થઈ છે ત્યાં હોં! ચાડી કોઈએ કરી, આપનો ભક્ત હું છું, અહીંયાં આવ્યો. આવું છું અને ત્યાં જાવ છું રાજમાં. આ આમ ચાડી થઈ, આજ આમ થયું. શાંતિ રાખો. વાદીરાજ કહે છે કે શાંતિ રાખો. બધું સારા વાના થશે. એમ કરીને એક સ્તુતિ ઉપાડી. અરે..! ભગવાન! જે માતાના પેટમાં તમે આવો અને ત્યારે નગરી સોનાની થાય, આ ઇન્દ્રો નગરી સોનાની રચે, આ પ્રભુ! અમે તમને પાસે બેસાડીએ આત્મામાં અને આ શરીરમાં રોગ રહે એમ બની ન શકે. સમજાય છે કાંઈ?

આ તમે જ્યાં માતાના ઉદરમાં આવો, ઇન્દ્રો આવીને સાફ કરે અને નગરી સોનાની થાય. સોનાના ગઢ અને રતનના કાંગરા. પ્રભુ! ત્રિલોકનાથ અમે અમારા જ્ઞાનમંદિરમાં તમને પધરાવીએ. એ અમારા દુઃખો તમે કેમ જોઈ શકશો હવે? રાગાદિના દુઃખ, પણ પ્રભુ અમે બિરાજમાન તમને જ્ઞાનમાં કરીએ છીએ. અમારા દુઃખ તમે નહિ જોઈ શકો હોં! અમારા ઘરમાં આવ્યા. સારો માણસ ઘરમાં આવે તો કહે આમ કેમ છે આ છોકરાઓનો? કેમ ભણ્યા-બણ્યા નથી? આ ચીંથરેહાલ કેમ છે? એ આવું જોઈ શકતો નથી.

આ નાથ! ત્રણ લોકના નાથ જેના ચરણ પડે ત્યાં તીર્થ જમીન થાય, જેના ચરણ જ્યાં  પડે ત્યાં તીર્થ (થાય), ઇન્દ્રો પણ જેને વંદે એની ધૂળને. પ્રભુ! અમે ચિત્તમાં તને રાખ્યા હોં! તમને જ્ઞાનમાં અમે અંદર પ્રવેશ કરાવ્યો છે. પ્રભુ! હવે અમારા દુઃખ તમે નહિ જોઈ શકો હોં! એ દુઃખનો નાશ જ આપ કરી શકશો. અને શરીર પણ આ કોઢિયું રહે. બને નહિ. સોનાની નગરી થઈ ગઈ. પ્રભુ! સુવર્ણ સમાન શરીર થાય એ તો આપનો પ્રતાપ છે. પણ મેળ ખાધોને (તો) એકદમ શરીરનો કોઢ ફડાક... ફડાક... ફડાક... જ્યાં સ્તુતિ કરવા લાગ્યા ત્યાં. પ્રભુ! આપ ઋષભદેવ છો. આપનું શરીર સોનાનું હતું. સુવર્ણ વર્ણે હતું. આપને અંદરમાં બેસાડ્યા, અમારું શરીર પણ કાટ વિનાનું ચૈતન્યનું થાય અને શરીરમાં પણ રોગ રહે નહિ. સમજાણું કાંઈ? શેઠી! આ ભક્તિ ચાલે છે.

**'ઇસ વિરોધાભાસ કા પરિહાર યહ હૈ કિ યદ્યપિ આપકે પાસ કિસી કો દેને કે લિયે કુછ ભી નહીં હૈ ઔર રાગભાવ ન હોને સે, આપ મન મેં ભી ઐસા વિચાર નહીં કરતે કિ મૈં ઇસ મનુષ્ય કો યહ વસ્તુ દૂં. ફિર ભી ભક્ત જીવ, અપની શુભ ભાવનાઓં સે શુભકર્મો કા બંધ કર,..'** અને પોતાની શુદ્ધની પરિણતિમાં આપને બેસાડ્યા અને આપનું જ્ઞાન યથાર્થ અંદર થયું એનાથી શુદ્ધની ધારા વહે છે. **'ઉદયકાલ મેં સબ કુછ પા લેતે હૈં.'** એ વર્તમાન પરિણતિમાં પણ બધી જ્ઞાનની નિર્મળતા થાય અને શુભભાવને લઈને બાહ્યમાં સંયોગો, એ અજ્ઞાનીને ન હોય એવા સંયોગો જ્ઞાનીને મળે છે. સમજાય છે કાંઈ? એ શુભભાવ સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં જે થાય એનાથી અનંત કાળમાં નહિ બાંધેલું પુણ્ય બંધાય. અને એને સત્પુણ્ય કહેવામાં આવે છે. એ સત્પુણ્યના ફળમાં

અનંત કાળમાં શરીર નહિ મળ્યું એવું અમને શરીર મળશે. એવા રજકણોની દશા જે આ શુભભાવ, અનંત કાળમાં સત્ જ્ઞાનની ભૂમિકામાં નહોતો થયો એવા સત્‌ના અંતરદષ્ટિની ભૂમિકાના ભાનમાં આવેલો આ ભક્તિનો ભાવ, ભગવાન! અમારું શરીર ફરી ગયું. અમે તો ફરી જશું. ફરી ગયા પણ અમારું શરીર પણ (ફરી ગયું.) આ મળ્યું એવું હવે શરીર મળશે નહિ. શેઠી! બે ધારા સાથે ચાલે છે. એક કોર શુદ્ધ અને એક બાજુ શુભ. એ બંધના કારણમાં સંયોગની અનુકૂળતા, અબંધ પરિણામમાં સ્વભાવની અનુકૂળતા. કહે છે કે આપને જે સ્તવે અને ચિત્તમાં રાખે એના શુભકર્મના ફળરૂપે સંયોગો ઘણા પ્રાપ્ત થાય.

**'અથવા જો યથાર્થ મેં આપકો અપને હૃદયમેં ધારણ કર લેતા હૈ,...'** જુઓ! યથાર્થ મેં. **'વહ આપકે સમાન હી નિઃસ્પૃહ હો જાતા હૈ,...'** જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય. કાંઈ જોઈતું નથી. જોવે તે અમારી પાસે છે. સમજાણું કાંઈ? **'ઉસકી સબ ઇચ્છાયેં શાંત હો જાતી હૈં.'** ભગવાન! આપ વીતરાગ અને જેણે જ્ઞાનમાં પધરાવ્યા, એ જ્ઞાનભૂમિકામાં પધરાવ્યા. આ એને કોઈ ઇચ્છા રહેતી નથી. શાંત.. શાંત... શાંત.. બધા કામ અમારા થઈ ગયા. ભગવાન અમારે ઘરે પધાર્યા. ભગવાન અમારે ઘરે પધાર્યા.

યાદ છે એક ફેરી? દામનગરનું. ગાયકવાડ સરકાર નીકળ્યા હતા. તો જેઠાલાલભાઈને ત્યાં રૂપિયા પાથર્યા હતા. સિંહાસનમાં ભાઈ ચાંદીના રૂપિયા. તે દિ' તો રોકડ રૂપિયા હતા ને? એકલા રૂપિયા પાથરીને સિંહાસન બનાવ્યું હતું ગાયકવાડ સરકારને બેસવા માટે. અમારો રાજા ગાયકવાડ. આ દામનગર છે ને. સયાજીરાવ આવ્યા હતા એ જેઠાલાલભાઈના ઘરે. જેઠાલાલ ત્રિભુવન. સિંહાસન બીજાનું નહિ. એ બધા રૂપિયા જ એવા ગોઠવ્યા. બધા સિંહાસન રૂપિયાનું ચાંદીના હોં રોકડ. એ સિંહાસન બનાવ્યું. દરબારે પૂછ્યું કે આ છે શું? અન્નદાતા! ચાંદીનું સિંહાસન અમારે ત્યાં નથી તો આ રૂપિયાનું સિંહાસન કર્યું.

એમ સર્વજ્ઞ પરમાત્માને પધરાવવા માટે પ્રભુ અમારી પૂર્ણ શક્તિ વ્યક્તતા તો નથી. સમજાય છે? પણ અમારી રોકડ જ્ઞાનની પરિણતિ જે ચાલે છે, એમાં આપને પધરાવ્યા છે. સમજાણું કાંઈ? હવે ભગવાન અમારા શરીરમાં કાંઈ રોગ રહે અને આ અસ્થિરતાનો રોગ રહે એમ ત્રણ કાળમાં બને નહિ. એણે ભગવાનને આત્મામાં સત્કાર અને આવકાર કરીને પધરાવ્યા.

**'વહ સોચતા હૈ કિ મુજે ઔર કુછ ભી નહીં ચાહિયે.'** જ્ઞાની જેને કેવળજ્ઞાન પરમાત્મદશા, એ અલ્પ જ્ઞાનમાં જેણે પધરાવ્યા એને સર્વજ્ઞ સ્વભાવનો આશ્રય થયા વિના રહે નહિ. **'મૈં આજ આપકો અપને ચિત્ત મેં ધારણ કર સકા તો માનોં તીન લોક કી સમ્પત્તિ મેરે હાથ મેં આ ગયી.'** આહાહા..! કહો, સમજાણું કાંઈ? **'દૂસરા વિરોધાભાસ યહ હૈ કિ આપ ચિત્ત-ચેતન સે બાહ્ય...'** ચિત્ત એટલે મનથી **'બાહ્ય હોકર ભી જીવિત રહતે હૈં.'** આપની કોઈ વિરોધતા અને વિચિત્રતા **'લોક મેં જો ચેતન સે રહિત હો જાતા હૈ, વહ મૃત કહલાતા હૈ.'** ચિત્તથી બહાર થાય એ તો મન વિનાનો થાય એ

તો મરી જાય. આપ ચિત્ત રહિત થઈને પણ ચૈતન્યના કેવળજ્ઞાનમાં આનંદમાં જીવી રહ્યા છો.

‘**લેકિન યહાં ઉસસે વિરુદ્ધ બાત હૈ. ઈસ વિરોધાભાસ કા પરિહાર યહ હૈ કિ આપ ચિત્ત-બાહ્ય અર્થાત્ આપ મને સે ચિંતવન કરને યોગ્ય...**’ આપ ચિત્ત બહાર છો અને જીવોને પણ ચિંતવન મનથી થઈ શકે તેવું એ છે નહિ. ચિંતવનની બહાર છે પ્રભુ આપની સત્તા. આપની સત્તા એ મનથી ચિંતવન થઈ શકે એવું સ્વરૂપ નથી. એ તો વચનાતીત, વિકલ્પાતીત, રાગાતીત, વચનાતીત (છે). એવા સ્વરૂપની દૃષ્ટિ જેને થઈ પ્રભુ! એના હૃદયમાં આપ બિરાજમાન થયા.

‘**અનંત સુખ સે હંમેશા જીવિત રહતે હૈં,...**’ કહો! આ ચિત્ત બહાર થયો અને કલ્પનામાં આપ આવી શકો નહિ એ રીતે જ્યાં અંતર નક્કી કર્યું ત્યાં આત્મામાં આનંદની પ્રાપ્તિ થયા વિના રહે નહિ. ‘**આપ અજર-અમર હૈં.**’ આપ તો અજર-અમર છો. ચિત્ત બહાર નીકળીને પણ મર્યા નહિ. ચિત્ત બહાર મન વિનાના થયા એ ગાંડા થઈ ગયા અને કાં મરી ગયા. ‘**તાત્પર્ય યહ હૈ કિ આપમેં અનંત સુખ હૈ તથા આપ ઈતને અધિક પ્રભાવશાલી હૈં કિ આપકો મન કે માધ્યમ સે ચિન્તવન નહીં કરના પડતા.**’

---

## કાવ્ય-૧૬

त्रिकालतत्त्वं त्वमवैस्त्रिलोकी-
स्वामीति संख्यानियतेरमीषाम्।
बोधाधिपत्यं प्रति नाभविष्यत्,
तेऽन्येऽपि चेद्व्याप्स्यदमूनपीदम्।।१६।।

ત્રિકાલજ્ઞ ત્રિજગત કે સ્વામી, ઐસા કહને સે જિનદેવ.
જ્ઞાન ઔર સ્વામીપન કી, સીમા નિશ્ચિત હોતી સ્વયમેવ.
યદિ ઈસસે ભી જ્યાદા હોતી, કાલ જગત કી ગિનતી ઔર,
તો ઉસકો ભી વ્યાપિત કરતે, યે તવ ગુણ દોનોં સિરમૌર.

અન્વયાર્થ :— હે પ્રભુ! (त्वम्) આપ (त्रिकालतत्त्वम्) ભૂત, ભવિષ્યત્ ઔર વર્તમાન — ઈન તીનોં કાલોં કે પદાર્થોં કો (अवैः) જાનતે હૈં, તથા આપ (त्रिलोकी स्वामी) ઊર્ધ્વ, મધ્ય ઔર પાતાલ—ઈન તીનોં લોકોં કે સ્વામી હૈં. (इति संख्या) ઈસ પ્રકાર કી સંખ્યા (अमीषां नियतेः) ઉન પદાર્થોં કે નિશ્ચિત સંખ્યાવાલે હોને સે (युज्यते) ઠીક હો સકતી હૈ પરંતુ (बोधाधिपत्यं प्रति न) જ્ઞાન કે સામ્રાજ્ય

કે પ્રતિ પૂર્વોક્ત પ્રકાર કી સંખ્યા ઠીક નહીં હો સકતી ક્યોંકિ (चेत्) યદિ (ते अन्ये अपि अभविष्यन्) ઐસે ઔર ભી પદાર્થ હોતે (तर्हि) તો (इदम्) જ્ઞાન (अमून् अपि) ઉન્હેં ભી (व्याप्स्यत्) વ્યાપ્ત કર લેતા, જાન લેતા.

ભાવાર્થ :— હે પ્રભો! આપ તીન કાલ તથા તીન લોક કી બાત જાનતે હૈં, ઈસલિયે આપ કા જ્ઞાન ભી ઉતના હી હૈ, ઐસા નહીં હૈ; કિંતુ આપ કે જ્ઞાન કા સામ્રાજ્ય સબ ઓર અનંત હૈ. જિતને પદાર્થ હૈં, ઉનકો તો જ્ઞાન જાનતા હી હૈ, યદિ ઈનકે સિવાય ઔર ભી પદાર્થ હોતે, તો જ્ઞાન ઉન્હેં ભી અવશ્ય હી જાનતા. ૧૬.

## કાવ્ય-૧૬ ઉપર પ્રવચન

૧૬મી.

त्रिकालतत्त्वं त्वमवैस्त्रिलोकी-
स्वामीति संख्यानियतेरमीषाम्।
बोधाधिपत्यं प्रति नाभविष्यत्,
तेऽन्येऽपि चेद्व्याप्स्यदमूनपीदम्।।१६।।

ત્રિકાલજ્ઞ ત્રિજગત કે સ્વામી, ઐસા કહને સે જિનદેવ.
જ્ઞાન ઔર સ્વામીપન કી, સીમા નિશ્ચિત હોતી સ્વયમેવ.
યદિ ઈસસે ભી જ્યાદા હોતી, કાલ જગત કી ગિનતી ઔર,
તો ઉસકો ભી વ્યાપિત કરતે, યે તવ ગુણ દોનોં સિરમૌર.

જુઓ! અહીંયાં લોકો કહે છે કે ભગવાન ત્રણ કાળ અને ત્રણ લોકને જાણે. હા મહારાજ! ત્યાં તો સીમિતતા થઈ ગઈ. ત્યાં સીમિત થઈ ગયા એમ. ત્રણ કાળ અને ત્રણ લોક એ સીમિત થઈ ગયા એમ. ઓલા કહે છે એ અત્યારે નથી. પણ આપનું જ્ઞાન સીમિત નથી. જ્ઞેય ત્રણ કાળ અને ત્રણ લોક સીમિત થઈ ગયા કે આ ત્રણ કાળ આટલા અને ત્રણ લોક આટલા. સમજાય છે કાંઈ? ઓલા કહે છે એમ નહિ હોં પાછું ઓલા કે ભગવાને જાણ્યું અનંતને, માટે ત્યાં અંત આવી ગયો એમાં. એમ નથી. એ અનંતને અનંત તરીકે જાણ્યું એ પણ એક સીમા આવી ગઈ. એમ કહે છે. ત્યાં વસ્તુની. પણ આપના જ્ઞાનમાં સીમા નથી પ્રભુ! આ કરતા અનંત કાળ હોત અને અનંત લોકાલોક હોત તોપણ આપ જ્ઞાનની એક સમયની જ્ઞાનની પર્યાયમાં જાણી શકત. જુઓ! એક માહાત્મ્ય કેવળજ્ઞાન. સમજાય છે કાંઈ?

આવે છેને? પરમાત્મપ્રકાશમાં આવે છે. ધર્મદાસ ક્ષુલ્લકમાં આવે છે. દાખલો આવે છે કે ભગવાન! એ વાંસનો મંડપ હોય ને? વાંસનો મંડપ—માંડવો. એમાં વેલડી ચડે વેલડી. ચડતા... ચડતા... ચડતા... એના વાંસના ઠોંગા હોય ત્યાં સુધી જાય. પછી ક્યાં જાય? પછી ઉપરા ઉપર આમ થાય. એટલે વાંસના ઠોંગા... ઠોંગા સમજો છો? છેડા-છેડા. પણ પ્રભુ! એ વાંસના છેડા સુધી ગઈ પણ વેલડીમાં તાકાત તો ઘણી છે.

એમ હે નાથ! આ લોકાલોક અને ત્રણ કાળનો માંડવો, આ એને જ્ઞાન પહોંચી વળ્યું. પણ જ્ઞાન એટલું જ છે એમ નથી. એથી પણ પ્રભુ! અનંત... અનંત... અનંત... અનંત... જેની એક સમયની દશામાં, એક સમયનો જ્ઞાનનો અંશ, એ અંશ, અંશી તો આખો રહી ગયો. એ અંશમાં પણ આ લોકાલોકને સીમિત તમને, સીમિત એટલે આ છે એટલું એમ. પણ અહીં તો સીમિત વિનાનું જ્ઞાન છે. અનંત અનંત કાળ એથી ત્રણ ગુણો હોત અનંત ગુણો અને અનંતગુણો લોકાલોક (હોત) તો આપનું જ્ઞાન જાણી લે. એવો વિકલ્પાતીત ચૈતન્યની મહિમા કરવાનો આ વિષય છે.

‘**આપ ભૂત, ભવિષ્ય ઔર વર્તમાન-ઈન તીનોં કાલોં કે પદાર્થોં કો જાનતે હૈં, તથા આપ ઊર્ધ્વ, મધ્ય ઔર પાતાલ ઈન તીનોં લોકો કે સ્વામી હૈં.**’ ધણી છો, વશ છે. ‘**ઈસ પ્રકારકી સંખ્યા...**’ સંખ્યા એટલે મર્યાદા. મર્યાદા એટલે અનંતને અનંતરૂપે સંખ્યા એમ. ‘**ઉન પદાર્થોં કે નિશ્ચિત સંખ્યાવાલે હોને સે ઠીક હો સકતી હૈ.**’ એટલા અનંત છે એમ સંખ્યા. સંખ્યા એટલે સીમિત એમ નહિ. અનંતે અનંત છે એમ આપે જાણ્યું પણ એ અનંતની સીમા આવી ગઈ કે આ અનંત છે એમ. ‘**પરંતુ જ્ઞાન કે સામ્રાજ્ય કે પ્રતિ...**’ જ્ઞાનનું રાજ પ્રભુ આપનું... આહાહા..! જેને આ જ્ઞાનના સામ્રાજ્યની મહિમા આવી, આ એને અનિત્ય પદાર્થ અને રાગની મહિમા અંતરથી છૂટી જાય. એમ કહે છે. સમજાય છે કાંઈ?

‘**સામ્રાજ્ય કે પ્રતિ પૂર્વોક્ત પ્રકાર કી સંખ્યા ઠીક નહીં હો સકતી...**’ સંખ્યા એટલે એમ કે જેટલો ત્રણ કાળ અને ત્રણ લોક છે એટલી જ્ઞાનની મર્યાદા છે નહિ. એથી અનંતગુણી છે. જુઓને! હવે ઓલા કહે છે કે ના, કેવળજ્ઞાનમાં ફલાણું જ જાણે. ફલાણું જાણે, સામાન્ય જાણે, વિશેષ ન જાણે. પેલો કહે, એકબીજાના અપેક્ષિત ધર્મો ન જાણે. અરે..! ભગવાન તને જ્ઞાનગુણની એક સમયની પર્યાય, એના સત્તાના સ્વીકાર તેં કર્યા નથી. એ સત્તાનો સ્વીકાર જેની દૃષ્ટિમાં અંદર જ્ઞાનમાં આવે, એ કેવળજ્ઞાની અલ્પ કાળમાં થઈ જાય. સમજાય છે કાંઈ? આમ તો બધા નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં કર્યા જ કરે. સવારથી ઉઠે એટલે. શું કાંઈ કહે છે? પાર્શ્વનાથ પરચો પૂરો. એવું કહે છેને? શાંતિનાથ શાંતિ કરો. સાતા કરો. દાતણ-બાતણ કરી એટલું બે-ચાર બોલે. થઈ ગયો ધર્મ લ્યો. ભગવાનને સંભાર્યા હતા સવારમાં. ધૂળમાંય સંભાર્યા નથી. ભગવાનને જો એકવાર સંભાર અને ભગવાન

ન થાય એ ત્રણ કાળમાં બને નહિ. સ્મરણ કર્યું. પણ સ્મરણ ક્યારે કરે? ભગવાનનું, આત્માનું, દ્રવ્યનું, ગુણનું, પર્યાયનું સ્વરૂપ પકકડ કરી, વિચાર કરી, નિર્ણય કરી, ધાર્યું હોય તો એનું સ્મરણ થાય. પણ એણે ધાર્યું નથી. એણે તો સ્મરણ કર્યું રાગનું. ભગવાન આવા હતા. ઓહોહો..! શું પણ ઓહોહો.. તે? સમજાય છે કાંઈ? એ દેવને એણે દિવ્યશક્તિની પ્રગટતાને ઓળખી નથી. અનંતા અનંતા લોકાલોક અને કાળ હોત, પ્રભુ! આપના જ્ઞાનના સામ્રાજ્યમાં સંખ્યાતીત નથી. ત્યાં સીમા આવતી (નથી.) એમ સીમા આવતી નથી.

'**ક્યોંકિ યદિ ઐસે ઔર ભી પદાર્થ હોતે તો જ્ઞાન ઉન્હેં ભી વ્યાપ્ત કર લેતા, જાન લેતા.**' એને પણ જ્ઞાન જાણી લે. શું એનું કહેવું? આહાહા..! અરે..! આ કેટલી વાત અત્યારે કેવળજ્ઞાનને માટે ઘૂંટાય છે અને કેટલી ઊંઘાઈ લે છે. આહાહા..! કેવળજ્ઞાન સર્વ દ્રવ્ય પર્યાયને જાણે. પણ છદ્મસ્થ એના વિષયને નક્કી કરી શકે છે. અરે..! ભગવાન! તું શું કહે છો આ? સમજાય છે કાંઈ? ભાવશ્રુતના જ્ઞાનમાં કેવળજ્ઞાન કેવડું એવું નક્કી કરી શકે છદ્મસ્થ. સમજાણું કાંઈ? ભલે અપરિમિત એની શક્તિ હો પર્યાયમાં. પણ શ્રદ્ધાના જ્ઞાનમાં એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રભુ આપે જોયા એ પ્રમાણે ત્યાં થાય. એ પછી. પણ એ જોયા એનું સામર્થ્ય એથી અનંતગુણું છે. એને જ્ઞાનમાં બેસાડ્યા આ એને વિકલ્પથી રહિત થયા વિના એ અનંત જ્ઞાનનું માહાત્મ્ય અંદરમાં બેસે નહિ. સમજાણું કાંઈ? ભગવાન ભગવાન કર્યા કરે. મહાવીર... મહાવીર... મહાવીર... મહાવીર... ગોખ્યા કરને હવે. ભગવાન કોને કહેવા? ઓલા પોપટને પુરી આપે ને પુરી. બોલ પોપટ રઘુરામ. એ તે જાણે આ પુરી રઘુરામ હશે? કે મગના આવેને શું કહેવાય એના? દાણા. આ મગફળીના દાણા આવે છેને? પોપટને મીઠો લાગે. આમ ઉપર રાતો અને અંદર મીઠો. એ જાણે કે મીઠા રઘુરામ હશે આવા. અરે..! બાપા! 'નિજપદ રમે સો રામ કહીએ.' રઘુરામ કોણ છે એની તને ખબર નથી. પણ એમ નમો અરિહંતાણં ગોખી ગોખીને મરી જાય અનંત કાળથી. પણ અરિહંતના પદના અંતર સ્વરૂપના ભાન વિના બેહદ તારી જાત પ્રભુ. આહાહા..! બેહદ જ્ઞાનની પ્રતીત જેને. એ રાગની હદમાં એ શ્રદ્ધામાં રહી શકે જ નહિ. સમજાણું કાંઈ? રાગ એ બધી મર્યાદિત ચીજ છે. એને અંતર જ્ઞાનના મહિમામાં એનો સ્વભાવ લાવ્યા વિના રહે નહિ. જેને અનંતી આવી મહિમા આવી એને.

'**ભાવાર્થ :- હે પ્રભો! આપ તીન કાલ તથા તીન લોક કી બાત જાનતે હૈં, ઈસલિયે આપ કા જ્ઞાન ભી ઉતના હી હૈ, ઐસા નહીં હૈ;...**' '**ઉતના હી હૈ, ઐસા નહીં હૈ; કિંતુ આપકે જ્ઞાન કા સામ્રાજ્ય સબ ઓર અનન્ત હૈ.**' ચારે બાજુથી અનંત છે. ઓહોહો..! ઓલામાં લીધું છેને? જ્ઞાનનો એક સમયનો પર્યાય, એમાં અનંતા સત્ ને થટ ને નટ ને લીધું છેને? એક સમયનો પર્યાય. અનંતા ગુણને, અનંતા દ્રવ્યને જ્ઞાનમાં જાણે. એટલો તો અંદરમાં એક સમયમાં નાચ થઈ રહ્યો છે. સમજાણું કાંઈ? એ

નાચમાં પાછા ઠઠ ને બધી સત્તાનો સ્વીકાર ને એ સત્તાનું સામર્થ્ય ને એની કળા, એના ભાવ એમ કરીને મોટું લીધું છે. બનારસીદાસે લીધું છે. દીપચંદજીએ (લીધું છે). સમજાણું કાંઈ? આવો ભગવાન અવલોકન કરવા લાયક, એને જોવે નહિ, જાણે નહિ, માને નહિ, ઓળખે નહિ, અને કહે, ભગવાન જાણ્યા અને ભગવાનની ભક્તિ કરી. ઠીક છે, શુભભાવ આદિ થશે અને પાછી ચાર ગતિમાં એના એ રખડવાનું રહેશે. પરિભ્રમણ મટશે નહિ. કહો, સમજાણું? **'કિંતુ આપકે જ્ઞાન કા સામ્રાજ્ય સબ ઓર અનંત હૈ. જિતને પદાર્થ હૈં, ઉનકો તો જ્ઞાન જાનતા હી હૈ, યદિ ઈનકે સિવાય ઔર ભી પદાર્થ હોતે, તો જ્ઞાન ઉન્હેં ભી અવશ્ય હી જાનતા.'**

## કાવ્ય-૧૭

नाकस्य पत्युः परिकर्म रम्यं,
नागम्यरूपस्य तवोपकारी।
तस्यैव हेतुः स्वसुखस्य भानो-
रुद्विभ्रतश्छत्रमिवादरेण।।

પ્રભુ કી સેવા કરકે સુરપતિ, બીજ સ્વસુખ કે બોતા હૈ,
હે અગમ્ય અજ્ઞેય! ન ઈસસે, તુમ્હેં લાભ કુછ હોતા હૈ.
જૈસે છત્ર સૂર્ય કે સમ્મુખ, કરને સે દયાલુ જિનદેવ,
કરનેવાલે હી કો હોતા, સુખકર આતપહર સ્વયમેવ.

અન્વયાર્થ :— હે પ્રભુ! (नाकस्य पत्युः) ઈન્દ્ર કી (रम्यम्) મનોહર (परिकर्म) સેવા, (अगम्यरूपस्य) અજ્ઞેય સ્વરૂપ, (तव) આપ કા (उपकारी न) ઉપકાર કરનેવાલી નહીં હૈ કિંતુ જિસકા સ્વરૂપ અપ્રાપ્ય હૈ — ઐસે (भानोः) સૂર્ય કે લિયે (आदरेण) આદરપૂર્વક (छत्रम् उद्‌विभ्रतः इव) છત્ર ધારણ કરનેવાલે કી તરહ, (तस्य एव) ઉસ ઈન્દ્ર કે લિયે હી (स्वसुखस्य) આત્મસુખ કા (हेतुः) કારણ હૈ.

ભાવાર્થ :— જિસ પ્રકાર કોઈ સૂર્ય કે લિયે છાતા લગાવે તો ઉસસે સૂર્ય કા કુછ ભી ઉપકાર નહીં હોતા ક્યોંકિ વહ સૂર્ય છાતા લગાનેવાલે સે બહુત ઉપર હૈ પરંતુ છાતા લગાનેવાલે કો અવશ્ય હી છાતા કા સુખ હોતા હૈ; ઉસી પ્રકાર ઈન્દ્ર આપ કી સેવા કરતા હૈ, ઉસસે ઈન્દ્ર કો હી લાભ હોતા હૈ ક્યોંકિ વહ અશુભાસ્રવ સે બચ જાતા હૈ.

## કાવ્ય-૧૭ ઉપર પ્રવચન

૧૭.

नाकस्य पत्युः परिकर्म रम्यं,
नागम्यरूपस्य तवोपकारी।
तस्यैव हेतुः स्वसुखस्य भानो-
रुद्बिविभ्रतश्छत्रमिवादरेण।।

प्रभु की सेवा करके सुरपति, बीज स्वसुख के बोता है,
हे अगम्य अज्ञेय! न ईससे, तुम्हें लाभ कुछ होता है.
जैसे छत्र सूर्य के सम्मुख, करने से दयालु जिनदेव,
करनेवाले ही को होता, सुखकर आतपहर स्वयमेव.

જુઓ! દૃષ્ટાંત આપીને કેટલો ભક્તિનો ઉત્સાહ છે!

'**અન્વયાર્થ :- હે પ્રભુ! ઈન્દ્ર કી મનોહર સેવા, અજ્ઞેય સ્વરૂપ આપકા...**' હે નાથ! આપનું સ્વરૂપ તો અગમ્ય છે. એવી ઈન્દ્રની સેવા '**આપકા ઉપકાર કરનેવાલી નહીં હૈ...**' ઈન્દ્રની સેવા આપને ઉપકાર કરતી નથી. સમજાણું કાંઈ? '**કિંતુ જિસકા સ્વરૂપ અપ્રાપ્ય હૈ-ઐસે સૂર્ય કે લિયે...**' પણ આપનું સ્વરૂપ તો અપ્રાપ્ય અલૌકિક છે. '**ઐસે સૂર્ય કે લિયે આદરપૂર્વક છત્ર ધારણ કરનેવાલે કી તરહ,...**' એ પ્રભુ સૂર્યની સામે પોતે છત્ર રાખે ને, એ છત્ર કાંઈ સૂર્યને પોગતું નથી. પણ છત્રના ધરનારને આતાપ હરી લે છે. શું કહ્યું સમજાણું? લ્યો, આ પાંચ સ્તોત્ર તમે કરતા હતા ને. વારંવાર સ્તોત્ર કરતા હતા. ભાઈ ગડીયા. આ પંચ સ્તોત્ર દરરોજ બોલવાની ટેવ હતી. ગોખે જાય એમને એમ રૂઢિગતે અને સ્વાધ્યાય કરવી એ બીજી સ્વાધ્યાય રહી જાય. આ આખો દિ' કરે, ઓલી સ્વાધ્યાય કે દિ' કરે પછી?

હે ભગવાન! '**છત્ર ધારણ કરનેવાલે કી તરહ, ઉસ ઈન્દ્ર કે લિયે હી આત્મસુખ કા કારણ હૈ.**' શું કહ્યું? એ ઈન્દ્ર આપની સેવા કરે એમાં આપને કાંઈ ઉપકાર નથી. સૂર્યને કોઈ છત્ર ધરે એમાં સૂર્યને કાંઈ નથી પણ છત્ર ધરનારને તડકો આવતો નથી. એમ પ્રભુ! આપની સેવા કરનારને દુઃખ અને અશાંતિ રહેતા નથી. સમજાણું કાંઈ? જુઓને! દૃષ્ટાંત પણ કેવા આપ્યા છે!

'**ભાવાર્થ :- જિસ પ્રકાર કોઈ સૂર્ય કે લિયે છાતા લગાવે...**' છત્ર. આ છત્રી. '**તો ઉસસે સૂર્ય કા કુછ ભી ઉપકાર નહીં હોતા...**' સૂર્યનો ઉપકાર થાય છત્રીમાં?

'ક્યોંકિ વહ સૂર્ય છાતા લગાનેવાલે સે બહુત ઉપર હૈ.' એ સૂર્ય તો ક્યાંનો ક્યાંય છે. 'પરંતુ છાતા લગાનેવાલે કો અવશ્ય હી છાયા કા સુખ હોતા હૈ;...' છાયા... છાયા... છાયા... એને છત્ર લગાવ્યું. **'ઉસી પ્રકાર ઈન્દ્ર આપકી સેવા કરતા હૈ, ઉસસે ઈન્દ્ર કો હી લાભ હોતા હૈ...'** નાથ! આપકા ક્યા ભલા ઉસમેં હૈ? **'ક્યોંકી વહ વાસ્તવ મેં આપકે સ્વરૂપ કો સમજ હી નહીં સકા થા.'** આપ સર્વજ્ઞ પ્રભુ પૂર્ણાનંદ એ ક્યાંથી એની દશામાં પૂર્ણ દશામાં એ આવે?

**'ઊલટા શુભાસ્રવ હોને સે ઉસી કા ભલા હોતા હૈ.'** લ્યો! પુણ્ય-પરિણામ થતાં એને શીતળ છાયા સંયોગની મળતી અને અંતરની પરિણતિમાં આપને પધરાવવાથી અંદરમાં શીતળતા મળતી હતી. ભગવાન! આપ તો ક્યાંય દૂર રહી ગયા. સમજાણું કાંઈ? એમ આત્મામાં પણ... પર્યાયમાં પરિણતિ શુદ્ધ થતાં કાંઈ ભગવાન ધ્રુવને કાંઈ લાભ થતો નથી. શું કહ્યું? એ પરિણતિ દ્રવ્યની સેવા કરે એથી દ્રવ્યને કાંઈ લાભ (નથી.) શુદ્ધ સ્વભાવની પરિણતિ પર્યાય દ્રવ્યની સેવા કરે પણ દ્રવ્યને કાંઈ ન મળે. દ્રવ્યને ઉપકાર કે સેવા થતી નથી. પણ પ્રભુ એની સેવા કરનારની પરિણતિમાં સુખપણું પ્રાપ્ત થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? જુઓ તો ખરા આ ચૈતન્યપ્રભુ! કહે છે કે પ્રભુ! આપની સેવા કરવાથી કાંઈ આપને જરીએ લાભ થાય ધ્રુવને? ધ્રુવ ચૈતન્ય અનાદિઅનંત જ્ઞાયકભાવ એને કાંઈ લાભ થાય? ચંદુભાઈ! લાભ થાય? નહિ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ તો સદાય એક સ્વરૂપ જ છે. એની સેવા કરવાથી એને ક્યાં લાભ છે? પણ પરિણતિએ—પર્યાયે, પર્યાયવાન આત્માની સેવા કરી એને પર્યાયમાં સુખ થયા વિના રહે નહિ, શાંતિ મળ્યા વિના રહે નહિ એવો જ કોઈ વિચિત્ર એનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ?

---

## કાવ્ય-૧૮

**क्वोपेक्षकस्त्वं क्व सुखोपदेशः,**
**स चेत्किमिच्छाप्रतिकूलवादः।**
**क्वासौ क्व वा सर्वजगत्प्रियत्वं,**
**तन्नो यथातथ्यमवेविचं ते।।१८।।**

**કહાં તુમ્હારી વીતરાગતા, કહાં સૌખ્યકારક ઉપદેશ,**
**હો ભી તો કૈસે બન સકતા, ઈન્દ્રિય-સુખ વિરુદ્ધ આદેશ.**

ઔર જગત કો પ્રિયતા ભી તબ, સંભવ કૈસે હો સકતી,
અચરજ, યહ વિરુદ્ધ ગુણમાલા, તુમ મેં કૈસે રહ સકતી.

અન્વયાર્થ :— હે પ્રભુ! (उपेक्षकः त्वम् क्व) કહાં રાગ-દ્વેષ રહિત આપ? (सुखोपदेशः क्व) ઔર કહાં સુખ કા ઉપદેશ દેના? (चेत्) યદિ આપ (सः) સુખ કા ઉપદેશ દેતે હૈં, (तर्हि) તો આપ કા (इच्छाप्रतिकूलवादः) ઈચ્છા કે વિરુદ્ધ બોલના હી કહાં હૈ? અર્થાત્ આપ કે ઈચ્છા નહીં હૈ — ઐસા કથન ક્યોં કિયા જાતા હૈ? (असौ क्व) કહાં ઈચ્છા કે અભાવ મેં બોલના? (वा) ઔર (सर्वजगत्प्रियत्वम्) કહાં સબ જીવોં કો પ્રિય હોના? ઈસ તરહ આપ કી પ્રત્યેક બાત મેં વિરોધાભાસ હૈ; (तत्) અતઃ મૈં (ते यथातथ्यम् नो अवेविचम्) આપ કી વાસ્તવિકતા, આપ કે અસલી રૂપ કા વિવેચન નહીં કર સકતા.

ભાવાર્થ :— હે ભગવન્! જબ આપ રાગ-દ્વેષ સે રહિત હૈં તો કિસી કો સુખ કા ઉપદેશ કૈસે દેતે હૈં? યદિ સુખ કા ઉપદેશ દેતે હૈં તો ઈચ્છા કે બિના કૈસે ઉપદેશ દેતે હૈં? યદિ ઈચ્છા કે બિના ઉપદેશ દેતે હૈં તો જગત કે સબ જીવોં કો પ્રિય કૈસે હૈં? ઈસ તરહ આપ કી સબ બાતેં પરસ્પર વિરુદ્ધ હૈં. વસ્તુતઃ આપ કી અસલિયત કો કોઈ નહીં જાન સકતા. ૧૮.

---

## કાવ્ય-૧૮ ઉપર પ્રવચન

૧૮.

क्वोपेक्षकस्त्वं क्व सुखोपदेशः,
स चेत्किमिच्छाप्रतिकूलवादः।
क्वासौ क्व वा सर्वजगत्प्रियत्वं,
तन्नो यथातथ्यमवेविचं ते।।१८।।

મુમુક્ષુ :- વાસ્તવમેં..

ઉત્તર :- વહ સમજ સકતા નહિ પૂર્ણ. એમ. કહ્યું ને પહેલું. પૂર્ણ ન એને ખ્યાલમાં આવે. પૂર્ણ ક્યાં પ્રગટ્યું છે એ અપેક્ષાએ વાત છે. સમજી શકે છે.

કહાં તુમ્હારી વીતરાગતા, કહાં સૌખ્યકારક ઉપદેશ,
હો ભી તો કૈસે બન સકતા, ઈન્દ્રિય-સુખ વિરુદ્ધ આદેશ.
ઔર જગત કો પ્રિયતા ભી તબ, સંભવ કૈસે હો સકતી,
અચરજ, યહ વિરુદ્ધ ગુણમાલા, તુમ મેં કૈસે રહ સકતી.

આહાહા..! બનાવ્યું છેને પણ અંદરથી! હૃદય ઉદ્‌ગાર કાઢ્યા છે અંદરથી હોં! શું કહે છે જુઓ.

**'અન્વયાર્થ :- હે પ્રભુ! કહાં રાગ-દ્વેષરહિત આપ?'** આપ તો પ્રભુ વિકલ્પાતીત રાગ-દ્વેષ રહિત અને **'કહાં સુખ કા ઉપદેશ દેના?'** અને દુનિયાને સુખ થવાનો ક્યાં ઉપદેશ! આપ રાગ-દ્વેષરહિત અને સુખનો ઉપદેશ આપો. ઓહોહો..! આ તે કાંઈ...! સમજાણું કાંઈ? આપ તો વીતરાગ સર્વજ્ઞ પ્રભુ ક્યાં અને આપની દિવ્યધ્વનિમાં બીજાને સુખ થાય એવું ક્યાં? સમજાણું કાંઈ? **'યદિ આપ સુખ કા ઉપદેશ દેતે હૈં, તો આપકા ઈચ્છા કે વિરુદ્ધ બોલના હી કહાં હૈ?'** એટલે આપને ઇચ્છા નથી અને વાણી નીકળે છે. એક વાત. **'અર્થાત્ આપકે ઈચ્છા નહીં હૈ-ઐસા કથન ક્યોં કિયા જાતા હૈ?'** આપ સુખનો ઉપદેશ આપો છો અને વળી ઇચ્છા છે નહિ. ભારે વિરોધ ભાઈ! સમજાણું કાંઈ?

**'કહાં ઈચ્છા કે અભાવ મેં બોલના?'** બે વાત છે એમાં. એક તો જગતને ઇચ્છા છે અને આપનો ઉપદેશ એને ઇચ્છા નહિ કરવાનો મળે છે. છતાં આપને જગત પ્રિય તરીકે સ્વીકારે છે. શેઠી! સમજ્યા? જીવોં કો પ્રિય હોના કહાં? એ ઇચ્છા આપને નથી. છતાં ઇચ્છાવાળાને આપ સુખનો ઉપદેશ આપો છો. છતાં આપ જગતને પ્રિય થઈ પડ્યા છો. એની ઇચ્છાથી વિરુદ્ધ ઉપદેશ છે. જગતની ઇચ્છા સુખને બહારની મેળવવાની છે, આપ એના નાશને કરવા માગો છો. છતાં આપ પ્રભુ જગતને પ્રિય છો. આ તે તારી કોઈ વિચિત્રતા! એની ઇચ્છા વિરુદ્ધ ચાલે એનો તો દુશ્મન થાય. કહો, આમાં આવે છે કે નહિ? ભીખાભાઈ! મહિમા.

**'ઈસ તરહ આપકી પ્રત્યેક બાત મેં વિરોધાભાસ હૈ;...'** ભગવાન! આપને તો પ્રત્યેકમાં વિરોધ છે. ઇચ્છા નહિ, ઉપદેશ ધોધમાર નીકળે. સમજાય છે? અને તે પણ આપની ઇચ્છા વિનાનો સુખનો ઉપદેશ નીકળે બીજાને સુખ થવાનો. સામાને ઇચ્છા છે એને તોડવાનો ઉપદેશ નીકળે. આહાહા..! સામા ઇચ્છાવંત પ્રાણી છે એનો ઇચ્છા નિરોધ કરવાનો ઉપદેશ નીકળે. છતાં પ્રભુ આપ મહા ઉપકારી! એમ કરીને સ્વીકારે છે. આ તમારી તો વિચિત્રતા લાગે છે! સામાને ઇચ્છા વિરુદ્ધ કહે એને તો મારો દુશ્મન લાગે છે આ. મારું તો માનતો નથી. મારાથી વિરુદ્ધ જ પડ્યો છે આ. નરભેરામભાઈ! પ્રભુ! તારી કોઈ બલિહારી છે કે ઇચ્છા વિનાનો ઉપદેશ અને ઇચ્છાવાળાને સુખરૂપ ઉપદેશ! સમજાણું કાંઈ?

**'ઉસ કારણ સે મૈં આપકી વાસ્તવિકતા, અસલી રૂપ કા વિવેચન નહીં કર સકતા.'** પ્રભુ! વિકલ્પથી શું સ્વરૂપનું વિવેચન કરું? એ વાણી વ્યભિચારિણી, એનાથી ચૈતન્યની મહિમા કેટલી આવે? આપની મહિમા શું કહું? આપ તો વિકલ્પાતીત છો. એ રીતે થાઉં એટલે આપની મહિમા અંદરમાં જણાય.

**'ભાવાર્થ :- હે ભગવન્! જબ આપ રાગ-દ્વેષ સે રહિત હૈં તો કિસી કો સુખ**

**કા ઉપદેશ કૈસે દેતે હૈં?'** શું આ વિરોધ? આ બે વિરોધ તમારામાં કેમ લાગે છે આ? **'યદિ સુખ કા ઉપદેશ દેતે હૈં તો ઇચ્છા કે બિના કૈસે ઉપદેશ દેતે હૈં?'** એક તો તમારી ઇચ્છા નહિ અને ઉપદેશ આપો છો. **'યદિ ઇચ્છા કે બિના ઉપદેશ દેતે હૈં તો જગત્ કે સબ જીવોં કો પ્રિય કૈસે હૈં?'** આહાહા..! પ્રભુ વીતરાગસ્વભાવ પૂર્ણાનંદ સર્વજ્ઞસ્વભાવ! આપની ઇચ્છા વિના વાણી નીકળી અને બીજા પ્રાણીને પ્રિય લાગે છે. આહાહા..! વાહ રે વાહ! જગત પ્રિય! પરમેષ્ઠી એ છે. પરમેષ્ઠી છે. પરમ ઇષ્ટ કરવા લાયક છે. આપમાં વિરોધતા પ્રભુ! આ રીતે ભાસે છે. સમજાણું કાંઈ? આ ભાઈ નહોતું વાંચ્યું ને આ, તો આ ફેરી આ નવું આવ્યું. કાંઈક નવું આવવું જોઈએ ને ભક્તિમાં.

**'યદિ ઇચ્છા કે બિના ઉપદેશ દેતે હૈં તો જગત્ કે સબ જીવોં કો પ્રિય કૈસે હૈં? ઈસ તરહ આપકી સબ બાતેં પરસ્પર વિરૂદ્ધ હૈં.'** આપની બધી વાતમાં પ્રભુ વિરોધ લાગે છે અમને હોં. એમ કરીને સમંજસતા એમાં સ્થાપે છે. બરાબર છે. પ્રભુ! આપની ઇચ્છા વિના ઉપદેશ પૂર્ણ હોય તો તમારી પાસે જ હોય. ઇચ્છાવાળાઓ પાસે આવો ઉપદેશ હોઈ શકે નહિ. ઇચ્છા વિનાનો તમારો ઉપદેશ પૂર્ણ સુખનો આપનાર તમારી પાસે જ હોય. અને ઇચ્છાવાળાને પણ આપ પ્રિય થઈ પડ્યા છો. ભગવાન જે કહેવા માગે છે કે ઇચ્છારહિત થાવ. સુખી થવું હોય તો ઇચ્છારહિત થાવ. 'ક્યા ઇચ્છત ખોવત સબે, હૈ ઇચ્છા દુઃખ મૂલ.' એ ઇચ્છા વિનાની તારી ચીજ છે. અમે પ્રાપ્ત કરી છે. તને પ્રાપ્ત કરવાના રસ્તા અને ઉપાય બતાવીએ છીએ. એટલે જગતના ઇચ્છાવાળા પ્રાણીને પણ આપ પ્રિય થઈ પડ્યા છો.

---

## કાવ્ય-૧૯

तुङ्गात्फलं यत्तदकिंचनाच्च,
प्राप्यं समृद्धान्न धनेश्वरादेः।
निरम्भसोऽप्युच्चतमादिवाद्रे-
नैकापि निर्याति धुनि पयोधेः।।

**તુમ સમાન અતિ તુંગ કિંતુ, નિધર્નોં સે જો મિલતા સ્વયમેવ,**
**ધનદ આદિ ધનિકોં સે વહ ફલ, કભી નહીં મિલ સકતા દેવ.**
**જલવિહીન ઊંચે ગિરિવર સે, નાના નદિયાં બહતી હૈં,**
**કિંતુ વિપુલ જલયુક્ત જલધિસે, નહીં નિકલતી, ઝરતી હૈં.**

**અન્વયાર્થ :—** (तुङ्गात् अकिंचनात् च) ઉદાર ચિત્તવાલે દરિદ્ર મનુષ્ય સે ભી (यत्फलम्) જો ફલ (प्राप्यम् अस्ति) પ્રાપ્ત હો સકતા હૈ, (तत्) વહ (समृद्धात् धनेश्वरादेः न) સંપત્તિવાલે ધનાઢ્યોં સે નહીં પ્રાપ્ત હો સકતા હૈ. ઠીક હી તો

है. (निरम्भसः अपि उच्चतमात् अद्रेः इव) પાની સે શૂન્ય હોને પર ભી અત્યંત ઊંચે પહાડ કે સમાન, (पयोधेः) સમુદ્ર સે (एका अपि धुनी) એક ભી નદી (न निर्याति) નહીં નિકલતી હૈ.

ભાવાર્થ :— પહાડ કે આસપાસ પાની કી એક બૂંદ ભી નહીં હૈ પરંતુ ઉસકી પ્રકૃતિ અત્યંત ઉન્નત હૈ; ઈસલિયે ઉસસે કઈ નદિયાં નિકલતી હૈ પરંતુ સમુદ્ર સે જો કિ પાની સે લબાલભ ભરા રહતા હૈ, એક ભી નદી નહીં નિકલતી. ઈસકા કારણ સમુદ્ર મેં ઊંચાઈ કા અભાવ હૈ. ભગવન્! મૈં જાનતા હૂં કિ આપ કે પાસ કુછ ભી નહીં હૈ પરંતુ આપ કા હૃદય પર્વત કી તરહ ઉન્નત હૈ, દીન નહીં હૈ; ઈસલિયે આપ સે હમેં જો ચીજ મિલ સકતી હૈ, વહ અન્ય ધનાઢ્યોં સે નહીં મિલ સકતી ક્યોંકિ સમુદ્ર કે સમાન વે ભી ઊંચે નહીં હૈ અર્થાત્ કૃપણ હૈં.

---

## કાવ્ય-૧૯ ઉપર પ્રવચન

૧૯.

तुङ्गात्फलं यत्तदकिंचनाच्च,
प्राप्यं समृद्धान्न धनेश्वरादेः।
निरम्भसोऽप्युच्चतमादिवाद्रे-
नैंकापि निर्याति धुनि पयोधेः।।

તુમ સમાન અતિ તુંગ કિંતુ, નિધનોં સે જો મિલતા સ્વયમેવ,
ધનદ આદિ ધનિકોં સે વહ ફલ, કભી નહીં મિલ સકતા દેવ.
જલવિહીન ઊંચે ગિરિવર સે, નાના નદિયાં બહતી હૈં,
કિંતુ વિપુલ જલયુક્ત જલધિસે, નહીં નિકલતી, ઝરતી હૈં.

શું કહે છે? હે ભગવાન! **‘તુમ ઉદાર ચિત્તવાલે દરિદ્ર મનુષ્ય સે ભી જો ફલ પ્રાપ્ત હો સકતા હૈ,...’** પૈસા વિનાનો ભલે હોય, પણ ચિત્ત જેનું ઉદાર છે. જગતમાં મોટો પૈસાવાળો કહેવાતો નથી. દરિદ્ર ભલે હોય, પણ જેનું ચિત્ત ઉદાર છે એની પાસેથી કાંઈક મળશે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સેવા કરશે બધી. બધી સેવા આપશે. ઓલા નહિ આપે એવી મીઠાશની સેવા. સમજાય છે કાંઈ? આહા..!

**‘ઉદાર ચિત્તવાલે દરિદ્ર મનુષ્ય સે ભી જો ફલ પ્રાપ્ત હો સકતા હૈ,...’** મીઠા-

મીઠા વચનો કહીને, સેવા કરીને એ આપશે. '**वह सम्पत्तिवाले धनाढ्यों से नहीं प्राप्त हो सकता है.**' અબજોપતિ પાસે ન મળે એવું પ્રભુ, એ દરિદ્ર પાસેથી એની મીઠાશ, વાણી, શાંતિ, સેવા બધું એની પાસેથી મળશે. '**ठीक ही तो है पानी से शून्य होने पर भी...**' પર્વતમાં પાણીનો બિંદુ નથી પ્રભુ! મોટા પર્વતમાં પાણીનો બિંદુ નથી. '**लेकिन अत्यंत ऊँचे पहाड के समान,...**' એમાંથી નદીયું વહે છે. આપ તો પ્રભુ કાંઈ રાખતા નથી. સમજાણું? છતાં આપની પાસે જે નદીયું વહે ઉપદેશની એ કુબેર જેવા ધનાઢ્ય પાસે અને અજ્ઞાનના ક્ષયોપશમવાળા પાસે મળે એવું નથી. શું કહ્યું? કે પ્રભુ! મોટા ડુંગરા છે ને ત્યાં પાણી નથી ભર્યા ઉપર. સમજાય છે? છતાં નદીયું ત્યાંથી વહે. અને દરિયામાં ભરચક પાણી ભર્યા પણ દરિયેથી નદી કોઈ દિ' ન ઝરે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખુબ દિયા?

એમ હે નાથ! આપ જાણે કાંઈ દેવાને લાયક ન હોય, આપની પાસે કાંઈ નથી એમ લાગે. પણ છતાં આપ જે દ્યો એ ધનાઢ્યો, અજ્ઞાની ક્ષયોપશમવાળા અને કુબેર પણ એ આપી શકે નહિ. સમજાણું કાંઈ? એ અમૃત વરસાવે દિવ્યધ્વનિના અને એ વખતના કેવળજ્ઞાન ત્યાં પરિણતિપણે પરિણમી રહ્યું છે. આહાહા..! કાંઈ ઇચ્છા નહિ. દેવા-લેવાની વૃત્તિ નહિ. આને દઉં, એની કરુણા નહિ. પણ પ્રભુ આપને દેવાની તાકાત.. એ દરિદ્ર પાસેથી બધું મળે હોં. નથી ત્યાંથી નદી વહે. ડુંગરમાં નથી ત્યાંથી નદી વહે. ઉન્નત પ્રકૃતિવાળા પ્રભુ આપ છો. આપનો સ્વભાવ અનંત... અનંત... અનંત છે. આપની પાસેથી બધું મળે છે. આ પાણીથી ભરચક દરિયો કોઈ દિ' નદી નીકળી સાંભળી નથી. એમ કંજૂસો પાસે પૈસાના પાર ન હોય પણ એમાંથી કાંઈ નદી વહે નહિ. કંજુસ એટલે સમજાય છે?

આત્માનું જેને ભાન નથી અને જેણે રાગમાં પોતાનો ધર્મ માનીને બેઠા એવા ભલે એમ માનતા હોય કે અમે બહુ ઉઘાડવાળા છીએ, ઘણા જાણપણાવાળા છીએ, અમારા પુણ્ય મોટા, દુનિયા ઘણા અમને માને. પણ પ્રભુ ત્યાંથી નદી નહિ આવે હોં! સમજાણું કાંઈ? ત્યાં દરિયા નહીં ફાટે. દરિયા નહિ ફાટે. પત્થરમાંથી ફાટ્યા નદીયું. એમ ભગવાન આપ ચૈતન્ય ઉન્નત છો. એની ધારા આપમાંથી જે નીકળી એ દુનિયા ન્યાલ થાય એવું આપ કાંઈક આપો છો. અને ઓલા બધા ભણ્યા-ગણ્યા દુનિયામાં મોટા કહેવાય. દેવો પણ માને કેટલાક એની નજીક હોય ને એવા. રાજા, મહારાજા, કરોડો મનુષ્યો માને. પણ પ્રભુ! એ ધનાઢ્ય કહેવાય છે પણ ત્યાંથી નદી નીકળશે નહિ. એમ કહીને એવો દાખલો પણ આપ્યો કે દરિદ્ર ઉદાર.

એક ઠેકાણે એવું બન્યું હતું. સાડા ત્રણ રૂપિયાની મૂડી હતી એની પાસે. બધા બેઠા. સાડા ત્રણ આપ્યા. એટલું તો સમજે ને વકીલ છે તો. એ જાણે કે આ દાખલો અહીં ઉતારશે સાડા ત્રણમાં. અને બીજા અબજોપતિ બેઠા હતા. ઓલાએ કહ્યું કે આ સાડા ત્રણ

રૂપિયા મારા છે ભાઈ. આ દાનની જરૂર છે અત્યારે માટે પ્રભાવના (તરીકે) મારી પાસે સાડા ત્રણ છે આપું છું. બીજાએ કોઈએ દસ લાખ ને પાંચ લાખ નોંધાવ્યા. ત્યારે એનો જે અગ્રેસર હતો નોંધનારો (એણે કહ્યું) કે આ બધા કરતા દાન આણે ઝાઝું આપ્યું છે. સાડા ત્રણવાળાએ. બધા કરતા દાન એણે આપ્યું, હતું એટલું આપી દીધું. અને આ બધા પચાસ-પચાસ લાખ અને કરોડપતિઓ કહેવાય એ આંકડા ગણે. ઓલાએ મોટાએ કેટલું આપ્યું? એથી મારે નાનું આપવું જોઈએ. હોય છે ને તમારે? શું કહેવાય ચંદા. ચંદા કરે ને? આ સર હકમીચંદે પહેલું આટલું નોંધાવ્યું. એનાથી વધારે ન નોંધાવાય. શેઠી!

એમ હે નાથ! પરમાત્મા આપની પાસે ઈચ્છા અને રાગ નથી. અને દિવ્યધ્વનિનો જે ઉપદેશ આવે છે અપાર, આપની પાસે મળે એવું બીજા પાસે મળે એવું નથી. જુઓ! એની ધ્વનિનો, એના જ્ઞાનનો મહિમા અંતરમાં ઉતર્યો એને ભક્તિ કહેવામાં આવે છે. કહો, સમજાણું?

‘**ભાવાર્થ :- પહાડ કે આસ-પાસ પાની કી એક બૂંદ ભી નહીં હૈ...**’ છે? ‘**પરંતુ ઉસકી પ્રકૃતિ અત્યંત ઉન્નત હૈ;...**’ ઉન્નત ઉન્નત પ્રકૃતિ પહાડની. ‘**ઈસલિયે ઉસસે કઈ નદિયાં નિકલતી હૈં પરંતુ સમુદ્ર સે જો કિ પાની સે લબાલબ ભરા રહતા હૈ,...**’ દરિયો તો આમ લબાલબ ભરેલો છે. ‘**એક ભી નદી નહીં નિકલતી.**’ ધર્માત્માનું એક પણ વચન પૂર્ણતાને પમાડે એવું હોય છે એમ કહે છે. અને અજ્ઞાનીના ધોધમાર વરસાદ વરસતા હોય પણ એમાંથી કાંઈ મળે એવું હોય નહિ. આ એમ કહેવા માગે છે. સમજાણું કાંઈ? જ્ઞાનીનું એક વાક્ય. એક વાક્ય પણ સાંભળ્યું હોય તો ન્યાલ થઈ જાય એવું આવે છે શાસ્ત્રમાં. સમજાણું? એક વાક્ય પણ મળ્યું હોય યથાર્થપણે. અંદરથી સ્પર્શીને આવ્યું છે ને. ન્યાલ થઈ જાય લોકો. પણ ઓલા ભરેલા ક્ષયોપશમના અગિયાર અંગ અને નવ પૂર્વના ભણ્યા, પ્રભુ! એમાંથી કાંઈ નહિ મળે હોં! નદી-બદી નહિ વહે એમાંથી.

‘**ઈસકા કારણ સમુદ્ર મેં ઊંચાઈ કા અભાવ હૈ.**’ શું કીધું? દરિયો ઊંચો નથી એટલે નદી ક્યાંથી નીકળે? ઉન્નત નથી. અને ‘**હે ભગવન્! મૈં જાનતા હૂં કિ આપકે પાસ કુછ ભી નહીં હૈ પરન્તુ આપકા હૃદય પર્વત કી તરહ ઉન્નત હૈ,...**’ પર્વત કી તરહ ઉન્નત... ઉન્નત... ઉન્નત.. એ જાતનો વિકલ્પ હતો ને કેવળજ્ઞાન થયું તો ધારા એવી છૂટે કે ધર્મ પામ્યા વિના પ્રાણી રહે જ નહિ. ભગવાનની એવી વાણી હોય કે ત્યાં સાંભળનારા, ધર્મ પામનારા ન હોય એમ હોઈ શકે નહિ.

‘**ઈસલિયે આપસે હમેં જો ચીજ મિલ સકતી હૈ, વહ અન્ય ધનાઢ્યોં સે નહીં મિલ સકતી...**’ એવા બીજા ક્ષયોપશમવાળા આદિ હો કે બીજા વિભંગ આદિના ઉઘાડનારા હોય એનાથી પણ અમારું કલ્યાણ થાય એવું નથી. ‘**ક્યોંકિ સમુદ્ર કે સમાન વે ભી ઊંચે નહીં હૈ અર્થાત્ કૃપણ હૈં.**’ એ પણ કૃપણ છે.

## કાવ્ય-૨૦

त्रैलोक्यसेवानियमाय दण्डं,
दध्रे यदिन्द्रो विनयेन तस्य।
तत्प्रातिहार्यं भवतः कुतस्त्यं,
तत्कर्मयोगाद्यदि वा तवास्तु।।

કરો જગતજન જિનસેવા, યહ સમજાને કો સુરપતિ ને,
દંડ વિનય સે લિયા, ઈસલિયે પ્રાતિહાર્ય પાયા ઉસને.
કિંતુ આપ કે પ્રાતિહાર્ય વસુ-વિધિ હૈં સો આયે કૈસે?
હે જિનેન્દ્ર! યદિ કર્મયોગ સે, તો વે કર્મ હુએ કૈસે?

અન્વયાર્થ :— (यत्) જિસ કારણ સે (इन्द्रः) ઈન્દ્ર ને (विनयेन) વિનયપૂર્વક (त्रैलोक्यसेवानियमाय) તીન લોક કે જીવોં કી સેવા કરને કે નિયમ કે લિયે અર્થાત્ મૈં ત્રિલોક કે જીવોં કી સેવા કરુંગા ઔર ઉન્હેં ધર્મ કે માર્ગ પર લગાઉંગા -— ઈસ ઉદ્દેશ્ય સે (दण्डम्) દંડ (दध्रे) ધારણ કિયા થા, (तत्) ઉસ કારણ સે (प्रातिहार्यम्) પ્રાતિહાર્યપના (तस्य स्यात्) ઈન્દ્ર કે હી હો સકતા હૈ, (भवतः कुतस्त्यम्) આપ કે કૈસે હો સકતા હૈ? (यदि वा) અથવા (तत्कर्मयोगात्) તીર્થંકર નામકર્મ કા સંયોગ હોને સે યા ઈન્દ્ર કે ઉસ કાર્ય મેં પ્રેરક હોને સે (तव अस्तु) આપ કે ભી પ્રાતિહાર્ય—પ્રતીહારપના હો.

ભાવાર્થ :— જબ ભગવાન્ ઋષભનાથ ભોગભૂમિ કે બાદ કર્મભૂમિ કી વ્યવસ્થા કરને કે લિયે તૈયાર હુએ, તબ ઈન્દ્ર ને આકર ભગવાન કી ઈચ્છાનુસાર સબ વ્યવસ્થા કરને કે લિયે દંડ ધારણ કિયા થા અર્થાત્ પ્રતિહાર પદ સ્વીકાર કિયા થા. જો કિસી કામ કી વ્યવસ્થા કરને કે લિયે દંડ ધારણ કિયા કરતા હૈ, ઉસે પ્રતિહાર કહતે હૈં. પ્રતિહાર કે કાર્ય અથવા ભાવ કો સંસ્કૃત મેં પ્રાતિહાર્ય કહતે હૈં. હે પ્રભો! જબ ઈન્દ્ર ને સબ વ્યવસ્થા કી થી, તબ સચ્ચા પ્રાતિહાર્ય—પ્રતિહારપના ઈન્દ્ર કે હી હો સકતા હૈ, આપ કે કૈસે હો સકતા હૈ? ક્યોંકિ આપને પ્રતિહાર કા કામ થોડે હી કિયા થા! ફિર ભી યદિ આપ કે પ્રાતિહાર્ય હોતા હી હૈ, ઐસા કહના હૈ તો ઉપચાર સે કહા જા સકતા હૈ ક્યોંકિ આપ ઈન્દ્ર કે ઉસ કામ મેં પ્રેરક થે.

અથવા ઈસ શ્લોક કા ઐસા ભી ભાવ હો સકતા હૈ—'તીન લોક કે જીવ

ભગવાન કી સેવા કરો’. ઈસ નિયમ કો પ્રચલિત કરને કે લિયે ઈન્દ્રને હાથ મેં દંડ લિયા થા, ઈસલિયે પ્રાતિહાર્યત્વ ઈન્દ્ર કે હી બન સકતા હૈ; આપ કે નહીં. અથવા આપ કે ભી હો સકતા હૈ ક્યોંકિ આપ સે હી ઈન્દ્ર કી ઉસ ક્રિયા કા કર્મ-કારક કા સંબંધ હોતા થા.

યહાં એક ઔર ભી ગુપ્ત અર્થ હૈ. વહ ઈસ પ્રકાર હૈ—લોક મેં પ્રાતિહાર્ય પદ કા અર્થ આભૂષણ પ્રસિદ્ધ હૈ. ભગવાન કે ભી અશોકવૃક્ષ આદિ આઠ પ્રાતિહાર્ય યા આભૂષણ હોતે હૈં. યહાં કવિ પ્રાતિહાર્ય પદ કે શ્લેષ સે પહલે યહ બતલાના ચાહતે હૈં કિ સંસાર કે અન્ય દેવોં કી તરહ આપ કે શરીર પર પ્રાતિહાર્ય નહીં હૈ. ઈન્દ્ર કે પ્રાતિહાર્ય અર્થાત્ પ્રતિહારપના હો, પર આપ કે પ્રાતિહાર્ય યા આભૂષણ કહાં સે આયે? ફિર ઉપચારપક્ષ કા આશ્રય લેકર કહતે હૈં કિ આપ કે ભી પ્રાતિહાર્ય હો સકતે હૈં. ઉસકા કારણ હૈ ‘तत्कर्मयोगात्’ અર્થાત્ આભૂષણોં કે કાર્ય સૌંદર્યવૃદ્ધિ કે સાથ આપ કા સંબંધ હોના હૈ. ૨૦.

## કાવ્ય-૨૦ ઉપર પ્રવચન

૨૦મી.

त्रैलोक्यसेवानियमाय दण्डं,<br>
दध्रे यदिन्द्रो विनयेन तस्य।<br>
तत्प्रातिहार्यं भवतः कुतस्त्यं,<br>
तत्कर्मयोगाद्यदि वा तवास्तु।।

કરો જગતજન જિનસેવા, યહ સમજાને કો સુરપતિ ને,<br>
દંડ વિનય સે લિયા, ઈસલિયે પ્રાતિહાર્ય પાયા ઉસને.<br>
કિંતુ આપ કે પ્રાતિહાર્ય વસુ-વિધિ હૈં સો આયે કૈસે?<br>
હે જિનેન્દ્ર! યદિ કર્મયોગ સે, તો વે કર્મ હુએ કૈસે?

‘અન્વયાર્થ :- જિસ કારણ સે ઈન્દ્ર ને વિનયપૂર્વક તીન લોક કે જીવોં કી સેવા કરને કે નિયમ કે લિયે અર્થાત્ મૈં ત્રિલોક કે જીવોં કી સેવા કરુંગા ઔર ઉન્હેં ધર્મ કે માર્ગ પર લગાઊંગા-ઈસ ઉદ્દેશ્ય સે દણ્ડ ધારણ કિયા થા,...’ દંડ નામ છડી. ભગવાન જ્યારે સંસારમાં હતા ત્યારે ઈન્દ્ર છડીદાર હતા. છડીદાર. ખમ્મા અન્નદાતા! ઈન્દ્ર હોં છડીદાર. પ્રભુ! આપના એ પ્રાતિહાર્ય. કેવળજ્ઞાન થયા પછી પણ એ પ્રાતિહાર્ય નામ શોભામાં એ કારણ થયા. અને ‘સેવા કરુંગા ઔર ઉન્હેં ધર્મ કે માર્ગ પર લગાઊંગા-

**ઈસ ઉદ્દેશ્ય સે દણ્ડ ધાર કિયા થા,...**' દંડ નામ એ શું કીધું? છડી-છડી. '**ઉસ કારણ સે પ્રાતિહાર્યપના ઈન્દ્ર કે હી હો સકતા હૈ,...**' પ્રભુ! એ તો ઈન્દ્રપણાનું પ્રતિહાર્યપણું આવ્યું. તમને આઠ પ્રાતિહાર્ય કહે છે એ ક્યાંથી આવ્યું? આપને આઠ પ્રાતિહાર્ય હોય એમ કહે છે જગત તો. પણ આ તો ઈન્દ્રને પ્રાતિહાર્યપણું શોભે છે. આવ્યું તો એને. હાથમાં છડી રાખીને. ખમ્મા અન્નદાતા! આનો ધર્મ ઉપદેશ સાંભળો. જગતના જીવો આ ગુરુનો વિનય કરો. જગતગુરુ છે. દુદુંભી વગાડે છે કે નહિ? હે ત્રણ લોકના જીવો! ભગવાનનો ઉપદેશ સાંભળવા આવો. ત્યાંથી મળશે એવું ક્યાંય મળશે નહિ. એમ છડી પોકારે છે ઈન્દ્ર ત્યાં જઈને. પ્રભુ! એને પ્રાતિહાર્યમાં કહેવામાં આવે છે હોં!

'**ઈસ ઉદ્દેશ્ય સે દણ્ડ ધારણ કિયા થા, ઉસ કારણ સે પ્રાતિહાર્યપના ઈન્દ્ર કે હી હો સકતા હૈ, આપકે કૈસે હો સકતા હૈ?**' માણસ નથી કહેતા તમારે ક્યાંથી આવ્યું પ્રાતિહાર્યપણું? અને દુનિયા કહે છે કે આપ પ્રાતિહાર્ય છો. આપના પ્રાતિહાર્ય છે એમ કહે છે. '**અથવા તીર્થંકર નામકર્મ કા સંયોગ હોને સે યા ઈન્દ્ર કે ઉસ કાર્ય મેં પ્રેરક હોને સે...**' દેખો! પ્રેરક એટલે નિમિત્ત. ભગવાન! બરાબર છે. આપને જ પ્રાતિહાર્યપણું છે. કેમ કે તીર્થંકર પ્રકૃતિનો ઉદય એ તો નિમિત્ત પડ્યું ત્યારે ઓલો પ્રાતિહાર્ય કહેવામાં આવ્યો. ખરેખર પ્રાતિહાર્ય આપને જ છે. વિરોધ કરીને વાત કરવી છે ને? સમજાણું કાંઈ?

ગરીબ માણસ હોય ને એમ કહે ને? ભાઈ! આ દાગીનો તારે ત્યાં ક્યાંથી આવ્યો? આ તારે ત્યાં ક્યાંથી આવ્યો? ભાઈ! આવ્યો. જોને હવે. એમ ઈન્દ્રને ક્યાંથી પ્રાતિહાર્યપણું? આપને ક્યાંથી પ્રાતિહાર્યપણું આવ્યું? પ્રતિહાર તો એણે છડી પકડી હતી. ભગવાન! પણ બરાબર છે હોં! કારણ કે આપનું કર્મ જ તીર્થંકર ગોત્ર એવું કર્મયોગાત છે એને લઈને એ દશા એની થાય છે. માટે આપના જ પ્રાતિહાર્ય કહેવામાં આવે છે. એ આપની શોભા છે. ઈન્દ્રની શોભા નહિ એમ કહેવા માગે છે. '**તીર્થંકર નામકર્મ કા સંયોગ હોને સે યા ઈન્દ્ર કે ઉસ કાર્ય મેં પ્રેરક હોને સે...**' પ્રેરક એટલે નિમિત્ત છે એટલી વાત છે. '**આપકે ભી પ્રાતિહાર્ય-પ્રતિહારપના હો.**' આપને પણ પ્રતિહાર્યપણું છે.

'**ભાવાર્થ :- જબ ભગવાન ઋષભનાથ ભોગભૂમિ કે બાદ કર્મભૂમિ કી વ્યવસ્થા કરને કે લિયે તૈયાર હુએ, તબ ઈન્દ્ર ને આકર ભગવાન કી ઈચ્છાનુસાર સબ વ્યવસ્થા કરને કે લિયે દણ્ડ ધારણ કિયા થા...**' કારણ કે ભગવાન તો ત્રણ જ્ઞાનના ધણી હતા. ઈન્દ્ર એની વ્યવસ્થા કે આજીવિકા માટે આ (કરો). '**અર્થાત્ પ્રતિહાર પદ સ્વીકાર કિયા થા. જો કિસી કામ કી વ્યવસ્થા કરને કે લિયે દંડ ધારણ કિયા કરતા હૈ, ઉસે પ્રતિહાર કહતે હૈં. જૈસે કે આજકલ લાઠી ધારણ કિયે હુએ...**' વોલીએન્ટર હોય છેને? સ્વયંસેવક.

'**પ્રતિહાર કે કાર્ય અથવા ભાવ કો સંસ્કૃત મેં પ્રાતિહાર્ય કહતે હૈં.**' પ્રાતિહાર્ય.

સમજ્યા ને? ‘**હે પ્રભો! જબ ઈન્દ્ર ને સબ વ્યવસ્થા કી થી, તબ સચ્ચા પ્રાતિહાર્ય-પ્રતિહારપના ઈન્દ્ર કે હી હો સકતા હૈ, આપકે કૈસે હો સકતા હૈ? ક્યોંકિ આપને પ્રતિહાર કા કામ થોડે હી કિયા થા!**’ આપે કામ કર્યું? સ્વયંસેવકોએ કર્યું છે. સમજાણું? છતાં બધું નાખે બીજાને. ‘**ફિર ભી યદિ આપકે પ્રાતિહાર્ય હોતા હી હૈ, ઐસા કહના હૈ તો ઉપચાર સે કહા જા સકતા હૈ. ક્યોંકિ આપ ઈન્દ્ર કે ઉસ કામ મેં પ્રેરક થા.**’ ઈન્દ્રને તીર્થંકર નામકર્મનું નિમિત્ત આપનું હતું માટે પ્રતિહારપણું છે. માટે આપની શોભા છે. પ્રતિહારમાં ઈન્દ્રની શોભા નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

